ગુજરાતમિત્ર ભવિષ્ય દર્પણ

# વૃષભ (બ.વ.ઉ.)

## ખુદ કો કર બુલંદ ઇતના કે હર તહેરીર સે પહેલે ખુદા બંદે સે ખુદ પૂછે કે બતા તેરી રજા કયા હૈ?



### માનસિક સ્થિતિ :

**મિત્રો,**

**ઘણ વખત પહેલા એવું વાંચવામાં આવ્યું હતું કે અમેરિકાના ભૂતપૂર્વ પ્રેસીડેન્ટ અબ્રાહમ લિંકનની કેબીનમાં એણે ઓગણત્રીસ આઇટમોનું એક લીસ્ટ બનાવીને એને મઢાવીને લટકાવી રાખ્યું હતું. આમાંની અઠ્ઠાવીસ આઇટમો કંઇક આવી હતી. નાનપણમાં એને સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યો પણ ભણવામાં બહુ ધ્યાન આપતો નહીં. વધારામાં થોડો તોફાની પણ હતો એટલે એને સ્કૂલમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. બીજી એક આઇટમમાં એવું હતું કે એ નોકરી કરવા ગયો પણ ત્યાં પણ એને કામકાજમાં ગતાગમ પડતી નહીં એટલે એને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો. ત્રીજી આઇટમમાં એવું હતું કે એણે કોઇક ધંધો શરૂ કર્યો પણ ધંધામાં એ સફળ વેપારી બની શકયો નહીં. છેવટે ધંધામાં નુકશાન થયું અને ધંધો બંધ કરવો પડયો. આમ પહેલી અઠ્ઠાવીસ આઇટમમાં જિંદગીમાં એને મળેલી નિષ્ફળતાઓ લખી હતી. અને છેલ્લી ઓગણત્રીસમી આઇટમમાં લખ્યું હતું કે, 'એટ લાસ્ટ આઇ બીકેઇમ ધ પ્રેસીડેન્ટ ઓફ અમેરિકા' (આખરે, હું અમેરિકાનો પ્રેસીડેન્ટ બન્યો)**

**મિત્રો, આના પરથી એક વાત સિધ્ધ થાય છે કે, સફળતા અને નિષ્ફળતા તમારી માનસિકતા પર આધાર રાખે છે. તમે પોતે એમ માનતા હોય કે તમે ખૂબ પ્રયત્નો કર્યા છે છતાં તમને નિષ્ફળતા મળી છે તો એ વાત ખોટી છે. તમારા પ્રયત્નોમાં કોઇક જગ્યાએ તો કસર રહી જ ગઇ હશે - નહીં તો નિષ્ફળતા મળે જ કેવી રીતે? અથવા તો તમે ખોટી દિશામાં પ્રયત્નો કર્યા હશે. એવું પણ બની શકે કે તમારી પોતાની જ કોઇ નબળાઇને લીધે તમે પાછળ રહી જાવ છો! તમે આનો કોઇ દિવસ વિચાર કર્યો છે? તમારી આ નબળાઇ દૂર કરો અને તમારા લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે યોગ્યતા કેળવો તો સફળતા તમારી સામે જ છે.**

**અહીંથી તમારી વારતા શરૂ થાય છે.**

**મિત્રો, આ વરસમાં આપના ગ્રહમાન એટલા બધા સારા છે કે તમે આજે કોઇ લક્ષ્ય નકકી કરો તો વરસના અંત સુધીમાં તમને એનાથી પણ વધારે સફળતા મળશે.**

**આને માટે તમે તમારું લક્ષ્ય નકકી કરો. અને કોઇપણ કસર નહીં રહી જાય એ રીતે પ્રયત્ન કરો. બીજી એક વાત ધ્યાનમાં રાખો કે દુનિયા તો તમને પછાડવા માટે અને તમારાથી આગળ વધવા માટે શામ, દામ, દંડ, ભેદનો ઉપયોગ કરશે જ. આને લીધે તમારામાં પૂરેપૂરી લાયકાત હશે અને બીજાનામાં તમારા કરતા ઓછી લાયકાત હશે તો પણ એ લોકો આગળ વધી જશે તમે પણ બીજાને નુકશાન ન થાય એ રીતે રમતા શીખો. એક સારા ખેલાડી બનો! બીજું, આણે આમ કર્યુ અને પેલાએ તેમ કર્યું એવા વિચારો મનમાંથી કાઢી નાંખો. તમે તમારી સરખામણી બીજા સાથે નહીં કરો. પરંતુ બીજાને તમારી પાસેથી શીખવાનું મળે એવું વ્યકિતત્વ બનાવો. પછી તમારે સફળતાની પાછળ નહીં દોડવું પડે પણ સફળતા તમારી પાછળ આવશે. કારણ સફળતાને પણ બેસવા માટે યોગ્ય જગ્યા જોઇએ છે. તો જ એ લાંબુ ટકે છે. અયોગ્ય માણસના હાથમાં સફળતા લાંબુ ટકતી નથી.**

**પછી શિષ્યએ પૂછયું : હે ગુરૂજી, આ આંટીઘૂંટી વાળી દુનિયામાં સફળતા મેળવવા શું કરવું જોઇએ.**

**ગુરુજીએ કહ્યું : - તમે તમારી પ્રતિભાને ઓળખો! તમારી અંદર રહેલી કવોલીટીને બહાર લાવો! તમારામાં યોગ્યતા હોવા છતાં અયોગ્ય માણસો તમારાથી આગળ નીકળી જાય, શું તમે એટલા બધા કાયર છો? 'વધારે હોંશિયાર માણસો વધારે મૂર્ખ હોય છે,' એ વાત સાચી કે ખોટી!**

### આર્થિક નાણાંકિય સ્થિતિ

મિત્રો, નાણાંકિય દૃષ્ટિએ નવું વરસ આપને માટે સારું જ નહિ પણ ઘણું સારું છે. પૈસાનું કોઇપણ જાતનું ટેન્શન હોય તો તે પૂરું થઇ જાય એટલું જ નહીં પણ આ વરસ દરમ્યાન આપની આવકમાં સારો એવો વધારો થાય. **ચાલુ કામકાજ ધંધા ઉપરાંત કોઇ બીજી બાજુથી પણ આવક શરૂ થાય. આવકનું નવું સાધન ઊભું થાય. આ વરસમાં આપને કોઇ આકસ્મિક લાભ થવાની પણ શકયતા છે.** આમ આર્થિક દૃષ્ટિએ આખું વરસ ટનાટન છે.

આપને શનિની નાની અઢી વરસની પનોતી ચાલે છે. આને લીધે વરસ દરમ્યાન કેટલાક વધારાના કે બિનજરૂરી ખરચાઓ પણ આવે. **એટલે આક વધવા છતાં બચત ઓછી થાય.**

### ધંધો - વ્યવસાય - નોકરી

ધંધા - વ્યવસાયની દૃષ્ટિએ પણ આ વરસનો સમય સારો છે. આપના કામકાજમાં વધારો થાય. **આપને માટે પ્રગતિકારક સમય છે. પરંતુ તમારે આને માટે વ્યવસ્થિત પ્લાનીંગ કરવું પડશે.** અર્થાત ચાલુ કામકાજમાં વધારો થવાની સાથે કોઇ બે નવા કામકાજ પણ શરૂ થવાની શકયતા છે. **નવા કામ શરૂ કરવાથી તમારું ચાલુ કામ ડિસ્ટર્બ થાય એવું નહીં થવું જોઇએ. અને ચાલુ કામકાજ વધવાથી નવા કામમાં ધ્યાન નહીં આપી શકાય એવું પણ નહીં થવું જોઇએ એવું આયોજન સફળતાપૂર્વક કરવું પડે. આમ કરવા માટે તમારે ટાઇમ મેનેજમેન્ટ અને ફાયનાન્સ મેનેજમેન્ટનું સંતુલન જાળવવું પડશે. જેટલા વધારે પ્રોફેશનલ થઇ શકો એટલી વધારે સફળતા મળશે.**

નોકરીવાળાને માટે પણ આ વરસનો સમય ઘણો જ સારો છે. નોકરીમાં ટેન્શન ચાલતું હોય તો તે પૂરું થઇ જાય. **મેનેજમેન્ટ સાથે અને ઉપરી અધધિકારીઓ સાથે સારા સંબંધો રાખવામાં ફાયદો છે. અર્થાત તમે આડા ચાલતા હોય તો સીધા થઇ જવું.** આ વરસમાં નોકરીમાં આર્થિક લાભ પણ થાય અને આપનું પ્રમોશન ડયૂ હોય તો તે પણ મળી જાય. ઉપરાંત કોઇ વધારાનો લાભ પણ મળે. **બે ત્રણ વિઘ્ન સંતોષી માણસો મળશે એમને વધારે પ્રેમ કરવો.**

### જમીન - મકાન પ્રોપર્ટી:

**પ્રોપર્ટીની બાબતમાં આ વરસમાં આપના ગ્રહમાન પચાસ ટકા સારા છે.** અર્થાત આ વરસમાં પ્રોપર્ટીમાં રોકાણ કરવા માટે તમે પ્લાનીંગ કરી શકો અને તેનું પચાસ ટકા પેમેન્ટ કરી શકો. બાકીના પચાસ ટકાનું ધીમેધીમે આવનારા સમયમાં પેમેન્ટ પૂરું થાય. જુની પ્રોપર્ટીમાંથી ફાયદો થાય અને નવીમાં રોકાણ થાય એવું પણ થઇ શકે. જો કે નવું વાહન લેવું હોય તો લઇ શકાય. બાપ દાદાની પ્રોપર્ટીમાંથી કંઇક મળવાનું હોય તો તેમાં વિલંબ થાય.

### લગ્ન અને દાંમ્પત્યજીવન:

જેમને આ વરસમાં લગ્ન કરવા હોય તેમને યોગ્ય પાત્ર મળી જાય અને લગ્ન થઇ જાય. લગ્નની બાબતમાં કોઇ કોમ્પ્રોમાઇઝ કરવાની જરૂર નથી. થોડી રાહ જોશો તો વધારે સારું મળશે. લવ મેરેજ કરવા હોય તોપણ સમય અનુકૂળ છે.

દાંમ્પત્ય જીવનને માટે પણ આ વરસનો સમય ખૂબ જ સારો છે. આપનું દાંમ્પત્યજીવન સુખી અને સંતોષકારક રહેશે. નવા નવા લગ્ન થયા હોય તો એકબીજાને સમજવામાં થોડો સમય લાગે. બસ એટલા સમય પૂરતું જ મતભેદ રહેશે પરંતુ જેમના લગ્નને લાંબો સમય થઇ ગયો છે એ લોકો તો બોલ્યા વગર જ એક બીજાને સમજી શકશે. **ત્યારે એમ લાગે કે આટલી નાની વાત સમજવામાં આટલા વરસો કેમ લાગ્યા! એ તો લાગે! કારણ કે પહેલા આપણે આપણી જાતને સમજી શકીએ પછી બીજાનામાં સમજ પડે ને?**

### સંતાન

જેમને સંતાન પ્રાપ્તિની ઇચ્છા હોય તેમની ઇચ્છા આ વરસના અંતમાં પૂરી થઇ જાય. જેમના સંતાનો મોટા છે તેમના અભ્યાસમાં સંતોષકારક પ્રગતિ થાય એમની ઉંમર લગ્ન કરવાને લાયક હોય તો લગ્ન પણ થઇ જાય એમના નોકરી ધંધામાં પણ સેટ થઇ જાય અને પ્રગતિ થાય. **સંતાનો માટે એમના અગત્યના કામને માટે આપને કેટલાક ખરચાઓ કરવા પડે.**

### અભ્યાસ:

વિદ્યાર્થી મિત્રો, અભ્યાસને માટે પણ આ વરસના ગ્રહમાન ઘણાં જ સારા છે. આપની મહેનતના પ્રમાણમાં આપને સંતોષકારક પરિણામ મળશે. **જો થોડી વધારે મહેનત કરશો તો તમારી અપેક્ષા કરતા પણ વધારે સારું પરિણામ મળશે.** પરંતુ તમારે બધા જ વિષયોમાં સરખી મહેનત કરવાની જરૂર છે. જો કોઇ વિષયમાં ઓછી મહેનત કરશો તો નિરાશ થવું પડે. **જેમનો અભ્યાસ કેટલાક સમય પહેલા છૂટી ગયો હોય કે અધૂરો રહી ગયો હોય તેમનો અભ્યાસ પણ આ વરસમાં પૂરો થઇ શકે.** જેમની આગળ ભણવાની કે ઉંચી ડીગ્રી લેવાની ઇચ્છા હોય તેઓ ફરીથી અભ્યાસ શરૂ કરી શકે અને સફળતા મળે. **રિસર્ચ કરવા માટે સમય ખૂબ જ અનુકૂળ છે.**

### પ્રવાસ

પ્રવાસ મુસાફરીને માટે આપના ગ્રહમાન અનુકૂળ છે. વરસ દરમ્યાન કૂલ ત્રણ પ્રવાસ થાય. બે પ્રવાસ મોજશોખને માટે અને આનંદ પ્રમોદને માટે થાય. એક પ્રવાસ મિત્ર મંડળની કે સગા સંબંધી સાથે થાય. આમાં કામકાજ ધંધા માટેના પ્રવાસ અને સામાજિક કામ માટેના પ્રવાસનો સમાવેશ થતો નથી. આ વરસમાં પરદેશનો પ્રવાસ થવાની પણ શકયતા છે.

### મિત્ર-શત્રુ

મિત્રોની બાબતમાં આ વરસમાં આપને મિત્ર મંડળ તરફથી આપના ધંધાકીય તેમજ અંગત કામોમાં સારો સપોર્ટ મળશે. મિત્રોની સંખ્યામાં વધારો થાય. **પરંતુ કોઇપણ મિત્ર સાથે ધંધામાં ભાગીદારી કરવી નહીં.** શત્રુ જેવું ખાસ કંઇ છે નહીં પરંતુ બે ચાર વિઘ્નસંતોષી માણસો મળશે જે કયારેક તમારું મગજ બગાડે. આવા માણસો પ્રત્યે બહુધ્યાન આપવાની જરૂર નથી. **કોઇ મિત્ર તમારા માટે વધારે પડતો પ્રેમ બતાવે તો તેનાથી સાવધાન રહેવું.**

### કોર્ટ-કચેરી

વરસ દરમ્યાન કોર્ટ કચેરી કે કોઇપણ ગવર્નમેન્ટ ડિપાર્ટમેન્ટ તરફથી કોઇ સિરિયસ ટેન્શન થાય એવું નથી. **છતાં આપને શનિની નાની અઢી વરસની પનોતી ચાલે છે તે સારી નથી એટલે થોડા સમયને માટે નાનું છમકલું થાય કોર્ટમાં કોઇ કેસ ચાલતો હોય તો તે પૂરો થવામાં વિલંબ થાય. તમારી જાણમાં કે જાણ બહાર તમારી આજુબાજુ કોઇ ગેરકાયદેસર પ્રવૃતિ થતી હોય તો તેને લીધે તમને ટેન્શન થઇ શકે.**

### તંદુરસ્તી

બીજી બધી જ બાબતમાં આપના ગ્રહમાન સારા છે. પરંતુ તંદુરસ્તીની બાબતમાં થોડા નબળા છે. વરસના પહેલા છ મહિનામાં એક નાની માંદગી આવે અને છેલ્લા છ મહિનામાં બે વખત તબિયતમાં ફરિયાદ રહેશે. બે ચાર દિવસ આરામ કરવો પડે. **આંખના ચશ્માના નંબર વધે. હાડકાના દુખાવાથી તકલીફ થાય. દાંતની તકલીફ થાય છેવટે કંઇ નહીં તો નાનો અકસ્માત થાય. ખાસ કરીને આ વરસમાં આપના વડીલોની તબિયત અંગે આકસ્મિક ટેન્શન આવી શકે. આપના નજીકના સગા સંબંધીમાં કોઇ વડીલનો વિયોગ થાય.**